**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૩ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૯ ટકા

# ગાંધીનગર સાહિત્ય સભાના 'શબ્દોત્સવ' પુસ્તકનું લોકાર્પણ

## દેશમાં વિભાજનવાદી પરિબળો સક્રિય, જે કાશ્મિરમાં થયું તે ગુજરાતમાં પણ થઈ શકે છે, આપણી જાગૃતિ જ આપણને બચાવશે : વિષ્ણુ પંડયા

ગાંધીનગર, તા.૨૭

'આવનારા દિવસો દેશ માટે ખતરારૂપ છે કારણ કે દેશમાં વિભાજનવાદી પરિબળો સક્રિય છે.' 'જે કાશ્મિરમાં થઈ રહ્યું છે તે ગુજરાતમાં પણ થઈ શકે છે, માટે દરેકે જાગૃત રહેવાની જરૂર છે.' ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આયોજિત 'શબ્દોત્સવ' પુસ્તકના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત સાહિય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયાએ આઝાદીના ઈતિહાસથી માંડીને દેશની અર્વાચીન પરિસ્થતિ અંગે પેટ છુટી વાતો કહી હતી. તેમણે રોમિલા થાપર જેવા ઈતિહાસકારો સત્યને તોડી મરોડીને રજૂ કરતા હોવાનો સંદર્ભ આપતા કહ્યું હતું કે જેએનયુમાં જે કંઈ થયું તે સાવ અચાનક જ નથી થયું.

સંત, સાધક અને સર્જક ત્રણેયને સરખાં ગણાવતા તેમણે કહ્યું કે આપણી જાગૃતિ જ આપણને બચાવશે. આ સાથે તેમણે સાહિત્ય પર કોઈનો ઈજારો ન હોવાનું જણાવતા સાહિત્ય અકાદમી હંમેશા નવોદિતો અને ઓછા જાણીતા સર્જકોને મદદ કરવા તૈયાર છે. ગાંધીનગરના સે-૨૩માં બ્રહ્માણી કૃપા હોલ ખાતે આયોજિત સમારંભમાં ગાંધીનગર સાહિત્ય



સભાના સર્જકોના સર્જનથી સંપાદિત પુસ્તક 'શબ્દોત્સવ'નું વિમોચન પદ્મશ્રી વિષ્ણુ પંડયા ઉપરાંત મુખ્ય માહિતી કમિશનર તથા લોક સાહિત્યના મર્મજ્ઞ વી.એસ. ગઢવી, સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ તથા મંત્રી સંજય થોરાતના હસ્તે કરાયું હતું. આ પુસ્તકમાં સાહિત્ય સભાના સભ્યો દ્વારા લખાયેલ ગીત, ગઝલ, વાર્તા માઈક્રોફિકશન વગેરે કૃતિઓને સમાવી લેવાઈ છે.

આ પ્રસંગે વી.એસ. ગઢવીએ લોક સાહિત્ય, ચારણી સાહિત્ય, સંસ્કૃતિની પરંપરા વિશે રસાળ શૈલીમાં વાત કરતા સાહિત્યને સંસ્કૃતિની ધરોહર ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ગંગાસતી અને પાનબાઈના ભજનો જો ગવાતા રહેશે તો ગુજરાતી ભાષા ટકેલી રહેશે. આ કાર્યક્રમમાં ગાંધીનગર સાહિત્ય સભાના વિદાય લેતા પ્રમુખ ભરત કવિનું કિશોર જીકાદરા, પ્રજ્ઞા પટેલ, સંજય થોરાત, પૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટ તથા અનુગામી પ્રમુખ નવટર હેડાઉ દ્વારા પુષ્પગુચ્છ, શ્રીફળ, સાકર અર્પણ કરી તથા શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલા ગુર્જરી તથા રોટરી કલબના પ્રમુખ એન.પી. પટેલ, પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી તથા રમેશ ઠકકર સહિત ગાંધીનગરના ગણમાન્ય સાહિત્યકારો તથા સાહિત્ય ભાવકો ઉપસ્થિત રહ્યા હતાં.

## @ગાંધીનગર

● ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા કેરીનો મનોરથ સાંજે ૬:૩૦ કલાકે ગોવર્ધનનાથજીની હવેલી મંદિર સેકટર-૨૧ ખાતે યોજાશે.

● ક્રિષ્ના કિલીનીક દ્વારા હરસ, મસા, ભગંદરનો કેમ્પ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા દરમ્યાન, અશ્વમેઘ કોમ્પલેક્ષ, સાદરા રોડ ચિલોડા ચાર રસ્તા ખાતે યોજાશે.

# સિવિલના નવા બિલ્ડીંગમાં ટાઈલ્સ ઉખડવા લાગી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કરોડો રૂપીયાના ખર્ચે આધુનિક તૈયાર કરાયું છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈમારતમાં પીઆઈયુ વિભાગની ગંભીર ક્ષતિઓ બહાર આવી રહી છે.હોસ્પિટલના વિવિધ વોર્ડમાં ટાઈલ્સો ઉખડી ગઈ છે, તો બીજી તરફ ટોઈલેટમાંથી નળ પણ ગાયબ થઈ ગયા છે. જયારે આધુનિક તૈયાર થયેલી છત ઉખડી જતા તેની અંદરથી પાણી દર્દીઓ પર પડી રહ્યું છે. પીઆઈયુ વિભાગને અનેકવાર લેખિત તેમજ મૌખિક જાણ કરવા છતા સમસ્યાઓનો યોગ્ય ઉકેલ આવતો નથી. જેને પગલે હોસ્પિટલ તંત્રના અધિકારીઓમાં પણ નારાજગી પ્રવર્તિ રહી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. અત્યારે હાલના સમયે ઝાડા-ઉલ્ટીના દર્દીઓની સંખ્યામાં વિશેષ જોવા મળી રહી છે. જિલ્લાના દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. નવનિર્મિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલને કોર્પોરેટ લુક આપવામાં આવ્યો છે. પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગ બનાવાઈ છે. જેમાં આધુનિક સુવિધાઓ દર્દીઓને મળી રહે તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવાઈ છે. ત્યારે બિલ્ડીંગ બને ગણતરીના વર્ષ વિતતા જ ટાઈલ્સ ઉખડી રહી છે જેને પગલે સંકુલમાં ઠેરઠેર ગાબડા પડ્યા હોય તેવા ચિત્રો ઉપસ્યા છે. જયારે વોર્ડ, ઓપીડી, રસોડામાં, લીફટ પાસે તેમજ ઓપરેશન થિયેટરોમાં પણ ટાઈલ્સ ઉખડવા લાગી છે. પરંતુ ટાઈલ્સ લગાવવા માટે પીઆઈયુ વિભાગ પાસે સમય જ ના હોય તેવું લાગી રહ્યું છે. આ ઉપરાંત અનેક શૌચાલય જોડાણ વગરના હોય તેમ ગંદકીમાં ખદબદી રહ્યા છે. જયારે કેટલાક શૌચાલયમાંથી નળ પણ ગાયબ થઈ ગયા છે. જયારે વોર્ડમાં સિંલીગમાં પણ ગાબડા પડેલા નજરે પડે છે. જેને પગલે નવનિર્મિત હોસ્પિટલમાં પ્રારંભિક તબબકે જ આવી હાલત છે તો આગામી સમયમાં કેવી થઈ જશે. ત્યારે લાગતા વળગતા તંત્ર દ્વારા સત્વરે વિવિધ સમસ્યાઓ દુર કરવામાં આવે તેમ દર્દીઓ અને મુલાકાતીઓ ઈચ્છી રહ્યા છે.

## વાતવાતમાં

● ચોથા શનિવારે બેંકો તથા સરકારી કાર્યાલયોમાં રજા હોવાથી શહેરમાં ચહલપહલ ઓછી હતી. વળી, ગરમીની પ્રકોપ પણ ખૂબ વધુ પડતો હોઈ બપોરના સમયે સમગ્ર પાટનગરમાં જાણે સુનકાર વ્યાપી જવા પામ્યો હતો.

● સોમવારે દસમા ધોરણની બોર્ડની પરીક્ષાઓનું પરિણામ જાહેર થનાર છે. આ પરિણામને પગલે વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ભારે ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## જૈન સમાજની યુવતીઓ માટે સમસ્યા માર્ગદર્શનનો બે દિવસનો સેમિનાર યોજાશે

ભારતીય જૈન સંગઠન ગાંધીનગર દ્વારા તા. ૧૭-૧૮ જુનના રોજ સેકટર-૧૯ જીમખાના ખાતે જૈન સમાજની ૧૫ થી ૨૨ વર્ષની યુવતીઓ માટે 'એમ્પાવરમેન્ટ ઓફ ગર્લ્સ'ના ઉત્તમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટ્રેઈનર દ્વારા ઘણી બધી સમસ્યાઓ માટે સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. સેમિનારમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦ રાખવામાં આવેલ છે. ફકત ૩૦ યુવતીઓને જ પ્રવેશ આપવામાં આવશે. રજિસ્ટ્રેશન માટે આર.ડી. ગાંધી મો. ૯૯૨૪૧૨૩૧૬૪ અને ધવલ સી. શાહ મો. ૯૭૨૭૭૦૬૧૦૪નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# ટીંટોડા અને ઉવારસદમાંથી ૧૦૩ લીટર દેશી દારૂ મળ્યો

## પેથાપુર પોલિસે ટીંટોડામાં અને એસઓજીની ટીમે ઉવારસદમાં દરોડા પાડયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલા ટીંટોડા ગામમાં ધમધમતા દેશી દારૂના બે અડ્ડાઓ ઉપર પેથાપુર પોલીસે અને ઉવારસદના રાણજીપુરા ખાતે ધમધમતા દેશી દારૂના અડ્ડા ઉપર એસઓજીની ટીમે દરોડા પાડી ૧૦૩ લીટર દેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. પેથાપુર પોલિસના દરોડામાં બને અડ્ડાઓ પરથી બુટલેગરો ભાગી જવામાં સફળ રહ્યા હતા જયારે એસઓજીએ દરોડો પાડી એક મહિલા બુટલેગરને પકડી પાડી હતી.

ગાંધીનગર એસઓજીની ટીમે બાતમીને આધારે ઉવારસદના રાણજીપુરા વિસ્તારમાં ચાલતા દેશી દારૂના અડ્ડા પર દરોડો પાડયો હતો. મહિલા બુટલેગર ગોમતી હોથાજી ઠાકોરને ૮ લીટર દેશી દારૂ સાથે પકડી પાડી અડાલજ પોલિસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે. તો બીજી તરફ પેથાપુર પોલિસની ટીમે બપોરના અરસામાં ટીંટોડા ગામમાં બે અડ્ડાઓ પર દરોડા પાડયા હતા. ટીંટોડાના અમરાપુરામાં મોતી ભલા ઠાકોરના ઘરે દરોડો પાડી ૬૦ લીટર દેશી દારૂ ભરેલા બે કેરબા પકડી પાડયા હતા તે ઉપરાંત ટીંટોડા અમરાપુરામાં નટુ કાંતિ ઠાકોરના ઘરે દરોડો પાડી ૩૫ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જો કે આ બંને બુટલેગરો ફરાર થઈ ગયા હતા. પેથાપુર અને એસઓજી દ્વારા દરોડામાં ૧૦૩ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

# બાલાજી અગોરા મોલમાં શિક્ષણ વિભાગે 'હિન્દી મિડીયમ' નામની ફિલ્મ નિહાળી

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

## આર.ટી.આઈ.માં પ્રવેશ મેળવનાર બાળકોનું ક્રોસ વેરીફીકેશન કરાશે : મંત્રીશ્રી અને અધિકારીઓએ આ એકટ આધારિત ફિલ્મને દિલથી માણી

ગઈ સાંજે રાજયના શિક્ષણ વિભાગની ધરોહરે હિન્દી ફિલ્મ 'હિન્દી મિડીયમ'ને બાલાજી અગોરા ખાતે માણી હતી.

'રાઈટ ટુ એજયુકેશન એકટ' આધારિત બનાવાયેલી આ અઢી કલાકની ફિલ્મે શિક્ષણ વિભાગના તમામ ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓના દિલમાં અનેરું સ્થાન જમાવી દીધું હતું.

રાઈટ ટુ એજયુકેશન એકટ પર આધારિત આ ફિલ્મમાં પસંદગીની શાળામાં ધનિક વર્ગના એક પરિવારના બાળકને એડમિશન મળતું નથી. મધ્યમવર્ગમાં જ ઉછરેલા આ પરિવારે કાળક્રમે ધનિક વર્ગમાં સ્થાન મેળવ્યું હતું પરતુ મધ્યમ વર્ગની યાદોને સંસ્મરણ તરીકે મિલ્કતો સહિત સાચવી હતી.

પરિવારના ધ્યાનમાં આ એકટની જોગવાઈઓની વાતો આવે છે તે માટે ફોર્મ ભરી એડમિશન મેળવી લેવામાં પરિવાર સફળ થાય છે.

આ વાત મિડીયાના ધ્યાને આવે છે અને તે માટે તપાસની માંગ થાય છે. વિભાગ હરકતમાં આવે છે અને તપાસ શરુ થાય છે. પરીવાર તેની મધ્યમવર્ગની મિલ્કત જયાં હતી ત્યાં જઈ કામચલાઉ વસવાટ શરુ કરે છે. પ્રવેશ માન્ય રહે છે.

પાછો પરિવાર પોતાના નવા સ્થાને શિફટ થઈ જાય છે. પણ આ પછી પરિવારના મોભીએ નિર્ણય કર્યો કે તમામ સરકારી શાળાઓ આદર્શ શાળા બને તે માટે જરૂરી આર્થિક સહયોગ સહિતના સહયોગ માટે આગળ આવે છે.

બસ આવી જ વાતો શિક્ષણ વિભાગના અધિકારીઓને બહુ જ સ્પર્શી ગઈ.

રાજય સરકાર ગુણવત્તાસભર શિક્ષણ માટે આજે ભાર મુકી રહી છે. ખુટતી કડીઓને જોડી સરકાર સરકારી શાળાઓ ખાનગી સંસ્થાઓ સાથે બરાબરીની સ્પર્ધા કરે તેવી બનાવવા માટેના યત્ન કરવાના સંકલ્પ સાથે અધિકારીઓ વિખરાયા હતા.

પરંતુ વિખરાતા પહેલાં અધિકારીઓને મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સુશ્રી સુનયના તોમર, સુશ્રી અંજુ શર્મા સહિતનાઓએ ટુંકા સંબોધનમાં રાઈટ ટુ એજયુકેશન એકટ અન્વયે પ્રમાણે પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓમાંથી રેન્ડમલી ૫ ટકા બાળકોનું ક્રોસ વેરીફીકેશન કરવા સૂચવ્યું હતું અને અધિકારીઓએ આ વાતને સ્વીકારી પણ હતી.

હવે, દરેક જિલ્લામાં આર.ટી.આઈ. દ્વારા પ્રવેશ પામનાર બાળકોમાંથી ૫ ટકા બાળકોનું ક્રોસ વેરીફીકેશન અધિકારીઓ કરશે.

રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાને આવી સૂચના અંગે પુછતાં તેમણે જણાવ્યું હતું કે ભાઈ વેરીફીકેશન તો કરવું જ પડે ને... સાચા વિદ્યાર્થીને લાભ મળે તે સરકારનો હેતુ છે અને તેમાં જ કલ્યાણ રાજયની વિભાવના છે.

## બીબીએના વિદ્યાર્થીઓની અરવિંદ કેન્દ્ર ખાતે ગોષ્ઠિ

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન દ્વારા બીબીએ કોલેજ દ્વારા યુવા મિત્રોને વિવિધ વ્યસનો તેમજ સોશિયલ મિડીયા ઈન્ટરનેટ દ્વારા ફેલાતા દુષણો તેમજ તેની યુવા માનસ ઉપર થતી નકારાત્મક અસરો બાબતે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ શ્રી અરવિંદના જીવન ચરિત્ર સાથે પ્રાર્થના એ અંતરનો પોકાર જેવા વિષયો પર કેન્દ્રના ડૉ. સી.કે. તન્ના તથા અધ્યાપક ડૉ. દીપકભાઈ પંડયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## આઈ લવ માય ગાંધીનગર



**હિરલ જોષી**

નગરસેવક

**ગાંધીનગર ગમે**

પ્રાકૃતિક સુંદરતા ઉપરાંત માનવસર્જિક સગવડતા અને સુંદર મનવાળાં સરળ લોકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

જીવનને ભરપૂર જીવતાં નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અનેકવિધ સંસ્થાઓ શહેરમાં અનેકવિધ કાર્યો કરી રહી છે. શહેરમાં સેવા અને કલાની સુવાસ ફેલાવતાં સઘળાં કાર્યો મને ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

આ નગરનાં નગરજનોની જેમ અહીંનો યુવાવર્ગ પણ ખૂબ સંવેદનશીલ અને બુદ્ધિજીવી છે. આવા પ્રબુદ્ધ યુવાવર્ગનો ઉપયોગ સમાજઉપયોગી કાર્યો માટે કરવામાં આવે એવી જરૂરિયાત મહેસૂસ કરી રહી છું.

**નગર માટે હું કરી શકું**

'જીવસેવા એ શ્રેષ્ઠ સેવા'નો અભિગમ સ્વીકાર્યો છે, એને અનુસરવા ને એ માટે તમામ પ્રકારની સહાય આપવા માટે હું સદૈવ તત્પર છું, રહીશ.

# ટીસીએસ સામેથી દારૂ પીધેલી હાલતમાં રીક્ષા ડ્રાઈવર પકડાયો

## દારૂ ઢીંચીને રાત્રે ત્રણ વાગ્યે ફેરા મારવા નીકળ્યો હતો ને પોલિસે પકડયો

ગાંધીનગર, તા.૨૭

ઈન્ફોસીટી નજીક ટીસીએસની સામે રાત્રે ત્રણ વાગ્યે એક રીક્ષા ડ્રાઈવર તેની રીક્ષા લઈને ફેરાની રાહ જોઈને બેઠો હતો. ઈન્ફોસીટી પોલિસની ટીમ પેટ્રોલીંગમાં નીકળી ત્યારે આ રીક્ષા ડ્રાઈવર પર પોલિસની નજર પડતા શંકા ગઈ હતી. નજીક જઈને જોયું તો ડ્રાઈવર ચિક્કાર દારૂ ઢીંચીને બેઠો હોવાનું ધ્યાને આવતા તેની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઈન્ફોસીટી પીઆઈ કે.એમ. પ્રિયદર્શીની ટીમ ગઈ મોડી રાત્રે પેટ્રોલીંગમાં નીકળી હતી. ટીસીએસની સામે પહોંચી ત્યારે ટીમને એક રીક્ષા ડ્રાઈવરની હરકત પર શંકા ગઈ હતી. ટીસીએસની સામે રીક્ષા ઉભી રાખીને ફેરા મારવા માટે મુસાફરની રાહ જોઈને બેઠેલા ડ્રાઈવર પાસે જઈ પોલિસે તપાસ કરી તો દારૂની જબરદસ્ત દુર્ગંધ આવતી હતી. દારૂ ઢીંચીને રાત્રે ત્રણ વાગ્યે રીક્ષા ડ્રાઈવર ફેરા મારવા રીક્ષા લઈને નીકળ્યો હતો. ઈન્ફોસીટી પોલિસે જીજે ૧૮ એ.વાય. ૨૯૬૯ નંબરની રીક્ષા જપ્ત કરી પેથાપુરના ટીમ્બર ફળીમાં રહેતા ડ્રાઈવર મનોજગીરી હંસગીરી ગોસ્વામીની પ્રોહીબીશન એકટ હેઠળ ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.





ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તાજેતરમાં 'ગરિમા ૨૦૧૬-૧૭' એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ અંતર્ગત ગાંધીનગરના અંજના સી. નિમાવતને બેસ્ટ વુમન એન્ટરપ્રિન્યોર એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. અંજના નિમાવતે આ એવોર્ડ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

## ગાયત્રી શકિતપીઠનો ચોથી જુને પાટોત્સવ

ગાંધીનગર, તા.૨૭

ગાયત્રી શકિતપીઠ ગાંધીનગરનો ૨૧મો પાટોત્સવ જેઠ સુદ દશમ-ગંગા દશહરાના શુભ પર્વે તા.૪થી જુનના રોજ વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરી ઉજવાશે.

પાટોત્સવના પ્રારંભમાં સવારે ૮ કલાકે દેવ પ્રતિમાઓની ખાસ પૂજા, ૯ કલાકે ધ્વજા આરોહણ શિખર પર અને ભૂમિ દંડ પર, ઈનામ વિતરણ સવારે ૯.૧૫ કલાકે, નિબંધ લેખન હરિફાઈ સવારે ૯.૧૫ થી ૯.૪૫, દાતશ્રીઓનું સન્માન સવારે ૧૦.૦૦ કલાકે, આર્શીવચન સવારે ૧૦.૨૦ કલાકે, મહાઆરતી સવારે ૧૦.૨૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન તેમજ મહાપ્રસાદ અને સમાપન બપોરે ૧૨.૦૦ કલાકે યોજાશે. ગાયત્રી પરિવાર ટ્રસ્ટે ધર્મપ્રેમીઓને ભાગ લેવા નિમંત્રણ આપેલ છે.

# બાળચિત્રકાર આસ્થા વ્યાસના ચિત્રોની અમદાવાદમાં પ્રસ્તુતિ

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ લૉ ગાર્ડન ખાતેના રવિશંકર રાવલ કલાભવનમાં યોજાયેલ દ્વિદિવસીય ચિત્રપ્રદર્શન 'ફાયર ઓફ કલર્સ'માં ૨૦ વર્ષથી નીચેની વયના ૧૧ ચિત્રકારો દ્વારા ૧૫૦ જેટલા અદ્ભૂત પેઈન્ટીંગ્ઝ પ્રસ્તુત કરવામાં આવ્યા છે. જાણીતી કલા સંસ્થા ભવર રાઠોર ડીઝાઈન સ્ટુડીયોના નેજા હેઠળ આયોજિત આ પ્રદર્શનને સુપ્રસિદ્ધ આર્ટીસ્ટ સી.ડી. મિસ્ત્રી અને બિપિનચંદ્ર પટેલની ઉપસ્થિતિમાં શ્રી ભવર રાઠૌરના હસ્તે ૨૬મી મે ના રોજ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

પ્રદર્શનમાં ભાગ લેનાર ૧૧ આર્ટીસ્ટ પૈકી વધુ સંખ્યા ફિમેલ આર્ટીસ્ટની રહી છે. તમામ કલાકારોએ ફેબ્રિક, ઓઈલ પેઈન્ટ કલર્સ દ્વારા કેન્વાસ, હાર્ડબોર્ડ, ગ્લાસ વગેરે પર નૈસર્ગિક, આર્ટીફિશિયલ તેમજ વિવિધ પ્રસંગો, વિભૂતિઓની કલાકૃતિઓ તૈયાર કરી હતી. જેમાં ન્યુ ગાંધીનગરના ઊર્જાનગર-૨, રાંદેસણ ખાતે રહેતા વિપ્ર પરિવારના શ્રી હરેશકુમાર અને સોનલ વ્યાસની ૧૨ વર્ષીય પુત્રી અને ડીપીએસમાં અભ્યાસ કરતી આસ્થા વ્યાસે ૨૨ જેટલા ચિત્રો રજુ કર્યા છે. આમંત્રિત મહાનુભાવો, મુલાકાતીઓ અને કલારસિકોએ આસ્થાની અદ્‌ભુત કલાને બિરદાવી પ્રોત્સાહિત કરી હતી. બાળવયથી જ ચિત્રકલામાં ગાઢ રુચિ ધરાવતી આસ્થાએ વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખીને અત્યાર સુધી અસંખ્ય ચિત્રકૃતિઓ તૈયાર કરેલ છે. ડ્રોઈંગ ટીચર પૂર્વી મણિયાર પાસેથી તાલીમ અને માર્ગદર્શન મેળવનાર આસ્થા કલાક્ષેત્રે આગળ વધવાની ખેવના રાખે છે. ઉલ્લેખનીય છે કે, આ હોનહાર બાળચિત્રકાર આસ્થા ગાંધીનગરના ગૌરવ સમાન એવા જાણીતા ફિલ્મ રંગમંચ અને ટીવી સિરિયલ કલાકાર હાલ મુંબઈ સ્થિત હિતેશ રાવલની ભાણેજ છે. અમદાવાદ ખાતે ચિત્રપ્રદર્શન આવતીકાલે રવિવારે પણ ૧૨ થી ૮ સુધી ખુલ્લું રહેશે.



## જીવ કલ્યાણ સંસ્થાની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર તા.૨૭

સર્વ જીવ કલ્યાણ હેતુસર કાર્યરત જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની સામાન્ય સભા ૨૮-૦૫-૨૦૧૭ને રવિવારે સાંજે ૫:૩૦ કલાકે સેકટર-૨૨ ના પંચદેવ મંદિરના યજ્ઞખંડમાં મળશે. આ સભામાં સંસ્થાના સૌ સભ્યો અને રસ ધરાવતા આમંત્રિતો સહિત નગરજનોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ કે.બી વ્યાસે જણાવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. જયોતિ રામક્રિશ્ન ઐયર, ઉ.વ. ૮૦